## પ્રમુખીય

# સમકાલીન ભારતીય કવિતા : આપણી વાત આપણી રીતે

સિતાંશુ યશશ્ચંદ્ર

લેખાંક-૯

**વા**ચકમિત્ર, યાદ છે કે તમને, 'પરબ'ના ઑક્ટોબરના અંકમાંનું પેલું ચૂપ કરી દે એવું બોરો ભાષાનું કાવ્ય : 'બેહુલાનું મૃત્યુ' ? અને એમાં પુછાયેલો પેલો અણધાર્યો અને ધારદાર પ્રશ્ન ? જોકે આજના સમયડંખ્યા ભારતીય સમાજોના અસંખ્ય સવાલોમાંથી કેટલા યાદ રહી શકે આપણને ?! ને આ તો વળી એક મરી ચૂકેલી આદિવાસી સ્ત્રીને બોલતી કરીને બોરો જેવી એક 'ગૌણ' ભાષાની એક કવિએ ('કવયિત્રી' ?) કરેલા સવાલો ! – પણ આપણે જાણીએ છીએ કે કવિતાનું એક કામ જ તો વીસરાયેલું અને વિખેરાયેલું જે હોય એને સંભારીને સાંભરવું, એ છે. ઈમોશન્સ રિકલેક્ટેડ ઇન ટ્રાંક્વિલિટી. પણ એ તો ઓગણીસમી સદીના યુરોપના રૉમેન્ટિક રિવાઇવલના સપનીલા સમયની વાતો ! આજની વાત, એકવીસમી સદીના ઇનસેઇન ટાઇમની, ચૅપલિન જેને 'મૉડર્ન ટાઇમ્સ'માં આલેખી ગયો છે એ સામૂહિક પાગલપણાના પીડાભર્યા સમયની વાત અલગ. એણે પૂછેલો ધારદાર સવાલ જુદો.

તો ચાલો, લેખાંક ૮માં શરૂ કરેલી, ભારતમાં બીજે થોડી અજાણી એવી ઈશાન ભારતની બોરો બોલીની અન્યત્ર ઓછી જાણીતી એવી કવિ અંજલી વસુમા તારી યાને અન્જુ નર્ઝરીની એ કવિતાના એ સવાલને ફરી સાંભળીએ.

કાળા સાપે અચાનક (કે કદાચ તક જોઈને) દીધેલા દંશથી મોત પામેલી એક સ્ત્રીને કેળના થડના તરાપા પર મૂકી એના પરિવારે, પતિએ વિધિપૂર્વક નદીમાં વહેવડાવી દીધી છે. હવે અંધાધૂંધ ધસતાં બ્રહ્મપુત્રનાં પૂર ભર્યાં પાણીમાં એકલી વહેતી એ સ્ત્રી પૂછે છે :

'મારા મનમાં એક સવાલ થાય છે / (અને એ સાવ નાખી દેવા જેવો નથી) / લખીધરે શું કર્યું હોત આ પરિસ્થિતિમાં ?'

– કાવ્ય આખું ફરીથી વાંચીએ ત્યારે પાકું થાય કે 'લખીધર' નામ અહીં પહેલી વાર અચાનક આવે છે. આ કવિતામાં કોઈ લખીધરને સર્પદંશ થયો નથી. અહીં સાપ તો ઝેરભર્યો કરડ્યો છે એક અજાણી બાઈને, એ મર્યા પછીયે આપણી સાથે કે પોતાની સાથે આ કાવ્યમાં વાતો કરે છે. સર્પદંશથી મોત પામેલી આ સ્ત્રીની અંતિમ વિધિનું આલેખન એણે આ રીતે કર્યું છે :

'ત્યારે મારા સ્વામીએ બધી જ વિધિ કરી / મને વિદાય આપી ત્યારે એ સાવ

ફિક્કા પડી ગયા હતા...' પછી ઉમેરે છે : [મારા તરાપાને ધક્કો મારી મને દુખી દિલે વિદાય દેનારાઓમાં] 'છેક છેલ્લા હતા એ.' મોત પામેલી એ બાઈને, પોતાને વળાવતા પતિ માટે કોઈ ફરિયાદ નથી. બલ્કે જાણે કે વાત્સલ્ય છે. એણે એ કવિએ એ 'સ્વામી'નું નામ નથી આપ્યું. કે એ બાઈનું. અહીં કોઈ 'બિગ નેઈમ' નથી, આ અજાણ્યા લોકો.

નદીમાં તણાતા તરાપાનું, સ્ત્રીની એકલતાનું અદ્ભુત આલેખન આ બોરો કવિ કરે છે, 'મરણોત્તર'માં સુરેશ જોષી કરે એવી તાદશતાભર્યું પણ એથી અલગ અવાજમાં :

'મને નવવધૂ જેમ શણગારવામાં આવી / અને કેળના થડના બનેલા એક તરાપા ઉપર / મને વહેતી કરવામાં આવી / સાવ એકલી, નદીમાં આવેલી રેલના પાણી ભેગી તણાતી... / મારી ભેગું કોઈ નહોતું / ન જીવન, ન સાથી, ન કોઈ પ્રિયજન / શરણાઈના સૂર રેલાયા નહીં / ન તો કોઈ થરકતી મોરલી પર લગન ટાણે ગાવાનાં ગીત...'

'બાલા તે વરની પાલખી'ને ગાતા નરસિંહ યાદ આવે.

અને આ કલ્પન જુઓ, ભયાનક અને શાંત રસોના હલબલાવી દે એવા સંયોજન વડે વિશ્વકવિતામાં સ્થાન પામે એવું, બર્ગમનની કોઈ ફિલ્મમાં દેખા દે એવું, કલ્પન :

'તરાપા ઉપર તેલનું એક કોડિયું ટમટમતું હતું / અને હલેસાં વિનાનું એ નાવડું આરા-ઓવારા અને વહેણો વચ્ચે ધકેલાતું ચાલ્યું / નદીમાં કેવી ઊંડી તાણ ભરી ને ફુંફાડતી આવી છે આ રેલ.'

છેલ્લી પંક્તિના ક્રિયાપદનો વર્તમાનકાળ અનુભવો. મોત પામેલી સ્ત્રીનો ચારે તરફથી કપાયેલો અટૂલો વર્તમાનકાળ ! રૂંવાડાં ખડાં થઈ જશે ! હવે એ કહે છે :

'અરે, હયાતીનું કે બિનહયાતીનું એ તે કેવું રૂપ / મોતનું, અથવા તો મોત પછીની અવસ્થાનું / વિશ્વાસનું કે પછી વિશ્વાસ સાવ ઊઠી ગયાનું ?'

શેની ઉપર એણે વિશ્વાસ મૂક્યો હતો ? શેના પરથી એનો વિશ્વાસ ઊઠી ગયો ? માત્ર એક કુટુંબ પરથી ? નદીમાં એકલી-અટૂલી વહેતી મૂકનારા 'સ્વામી' પરથી ? ના. અંજલી બસુમાતારીની આ કવિતા એ બધાથી ઘણા વધારે ઊંડા અને વ્યાપક વિશ્વાસની અને વિશ્વાસ ઊઠ્યાની વાત કરવા તાકે છે. બંગાળી નહીં, અસમિયા નહીં, બોરો બોલીમાં જ થઈ શકે એવી એક વાત !

એટલે જ તો અચાનક એ વાત કરે છે લખીધરની !

આપણે, થોડા ગૂંચવાઈને પૂછી પડીએ, 'મતલબ ?' તો એ કહે :

'મતલબ કે લખીધર, પેલી બેહુલાનો સ્વામી'.

અરે, એનું શું અહીં ? આપણે પૂછીએ. આ સ્ત્રીનું નામ કાંઈ બેહુલા નથી. એના પતિનું નામ લખીધર નથી. અરે, સાપ પણ કોઈ લખીધરને નથી કરડ્યો. સાપ તો કરડ્યો છે...

આ વાતનો ખ્યાલ આવે ને વિપળમાં આપણે આપણા સમયની ભારતીય કવિતા, ભારતીય કવિતાની સુદીર્ઘ પરંપરાને કેવી જાણે કે ઉથલાવી પાડતી તોયે જાણે કે એની સાથે જોડાતી, એને આગળ વધારતી પોતે આગળ વધે છે, એની સમજણ પડે !

સમજણ પડે કે મૂળ ભારતીય કથામાં લખીધર જ્યારે સર્પદંશથી મોત પામે છે અને

એના દેહને કેળના થડના તરાપા પર, ટમટમતા દીવા સાથે વહેતો મૂકવામાં આવે છે, ત્યારે એ એકલો નથી હોતો. સાથે હોય છે એને ઊંડો સ્નેહ કરતી એની પત્ની બેહુલા. પ્રિય પતિના મૃતદેહ સાથે એ જ છેક તો સ્વર્ગલોકમાં જઈ, દેવરાજ ઇંદ્ર વગેરે દેવો સામે અદ્‌ભુત નૃત્ય કરી, વરદાન મેળવી, પતિને સજીવન કરી, પાછો લઈ આવે છે. એ થઈ પ્રાચીન ભારતની કથા. અને હવે ?

*

બોરો કવિતા સુધી આવતાં પહેલાં મહાન બંગાળી કવિ જીવનાનંદ દાસે દીઠેલી બેહુલાને ઓળખીએ. 'રૂપસી બાંગ્લા' એ સૉનેટમાળામાં એ કવિ દેવોને પ્રસન્ન કરવા નૃત્ય કરવાની જેને ફરજ પડી છે, એવી સદ્યવિધવા, પતિને ઊંડો પ્રેમ કરતી બેહુલાનો પરિચય કરાવે છે : જીવનાનંદ દાસ એને પાંખ તૂટેલી પંખિણી રૂપે જુએ છે. 'She danced like a torn wagtail in Indra's court.'

'ભાંગી પાંખની ખંજન પંખિણી જેવી એ નાચી ઇંદ્રના દરબારમાં' ત્યારે 'Bengal's rivers, fields, wild violets wept at her feet like anklet bells.' – બંગલાની નદીઓ, એનાં ખેતરો, જાંબુડિયાં જંગલી ફૂલો એનાં ચરણો પાસે રોઈ પડ્યાં, રણઝણતી ઝાંઝરી જેવાં.' – બંગાળની પ્રકૃતિ અને એવી બંગાળી પ્રકૃતિ ધરાવતા આ કવિ, એમને શું આટઆટલું અણગમતું બન્યું ? જીબનાનંદ દાસને માણસાઈના દૈવી અવમાન જેવું જે લાગ્યું તે એ કે પોતાના પ્રિય પતિને હમણાં જ ગુમાવી બેઠેલી આ બેહુલાને પતિ-પ્રાણનું વરદાન આપવા માટે દેવોએ એની પાસે નૃત્ય કરાવ્યું. પુરાણકથાથી આધુનિક બંગાળી કવિ આ રીતે જુદા પડ્યા.

અને હવે એમની અનુગામી બોરો કવિતાનું પુરાકથાથી વિચલન જુઓ :

હવે પેલો કાળોતરો સાપ સ્ત્રીને, આ નવી બેહુલાને, નામોલ્લેખ વિનાની બોરો સ્ત્રીને કરડે છે; ન કે બંગાળી લખીધરને. મિથમાં તો 'મનસા મંગલ'ના ચાંદ સોદાગરના પુત્ર લક્ષ્મીધર સર્પદંશે મર્યો અને બેહુલાના યત્ને ફરી જીવતો થયો. હવે મિથ નહીં, હિસ્ટરી આવે છે, આજે ભારતના ઇશાન ખૂણે રચાતો જતો રક્તરંજિત ઇતિહાસ. અહીં મૃત્યુ તો છે. અનિવાર્ય. કોઈ ને કોઈની હિંસકતાથી. પણ પુનર્જીવન ? – 'માલૂમ નહીં.'

એ બેહુલા, બલ્કે આ કાવ્ય વાંચ્યા પછીની આ બેહુલા સાપ કરડ્યે મરે છે ત્યારે તરાપા પર એનો મૃતદેહ એકલોઅટૂલો મુકાય છે. પુરાકથામાં લખીધર સર્પદંશથી મરતાં, એને લઈ જતા તરાપા પર એની પત્ની બેહુલા એની ભેગી ગઈ હતી. અદ્યકથામાં, આજના ઇતિહાસમાં, બોરો બોલીના આ કાવ્યમાં તરાપા ઉપર એકલી આ અનામ સ્ત્રી જ છે, સાપ ડંખ્યે મરેલી. કયા કયા છે એ ડંસીલા સાપ ?

પતિ મર્યે પત્ની મોતના તરાપા પર જઈ શકતી હતી, પત્ની મર્યે પતિ વીલે મોઢે ગામમાં પાછો ફરે છે – મરેલી પત્નીને વળાવીને. હવે આ બેહુલાને ફરી સજીવન કરવા મથનારું એના એકલવાયા તરાપા પર કોઈ દેખાય છે, આજના દક્ષિણ એશિયામાં ક્યાંય ?

મૂળ કથામાં કાળોતરો સાપ મોકલ્યો હતો સ્વર્ગમાં બીજાં દેવદેવીઓ સાથે

માનમરતબા, ભોગવિલાસભર્યું સ્થાન મેળવવા ઘેલી થયેલી સર્પદેવી મનસાએ. એને આજ ? આજના એવા જ 'સ્વર્ગો'માં ઘૂસવા માટે કેવાં કેવાં કરતૂતો કરે છે આપણા વિવિધ ધર્મોની, વિવિધ રાજકીય સંગઠનોની અને કરોડ કરોડોનાં કૌભાંડ કરતી આજની વિવિધ આર્થિક વ્યવસ્થાઓની મંછાઓ !

કેવા છે આજના એ વિષધરો ? અન્જુ નર્ઝરી એનું એક અનોખું કલ્પન આલેખે છે. કેવો હતો એ કાળોતરો ?

'મારાથી કોઈ ભૂલ થાય એની રાહ જ જોતો'તો એ. / ત્રાટકવા માટેના કોક થોડા અમથા કારણની એને જરૂર હતી. / બસ એક ખોટું પગલું / કે ફક્ત એક ગલત હલચલ.../ એણે ફેણ પટકી મારા પર ત્યારે મને એક આછોક અવાજ સંભળાયો'તો / પણ મને પૂરું સમજાયું નહીં કે / એ અવાજ મારા મનમાં થયેલો કે બહાર હવામાં.'

- ઉગ્રવાદીઓ, આતંકીઓ, આર્થિક કૌભાંડો કરનારા પ્રજાજનો, એમના ભાગીદારો જેવા રાજકારણીઓ અને બડા સાહેબો, ચર્ચ, મસ્જિદ, ગુરુદ્વારા, મંદિર, આશ્રમ, ડેરામાં ઘૂસી નફટાઈની હદો વટાવતા લોકો – કેટકેટલા કાળોતરા, કેવી કેવી મંછા દેવીઓ ! કશું કહ્યા વગર અંજલી વસુમાતારીની આ બોરો ભાષાની કવિતા કેટકેટલું સૂચવી જાય છે ! – વાંચ્યા જ કરીએ આ અને આવે આજની ભારતીય કવિતાને...

*

કે પછી કાવ્યાભાસોના કેફમાં પડેલાં આપણે આ કવિ, એના કાવ્યની આ એકલી-અટૂલી સ્ત્રી, કાવ્યાંતે જેમને અસહનીય વક્રોક્તિથી, અન્બેરેબલ આયર્નીપૂર્વક આલેખે છે, એવા 'પ્રેક્ષકો'માંના એક બની ગયા છીએ ? જુઓ, જુઓ તો ખરા, કોણ ટોળે મળ્યું છે આજે અહીં આ :

'નદી પરના પુલ ઉપર એકઠું થયેલું ટોળું નીચી નજરે જુએ છે / સાંજને સુમારે નદી ઉપર ભજવાતું જીવંત નાટક / જાણે કે એઓ તો ફક્ત નદીની રેલને જ જોવા આવ્યા હોય, / (જોકે એમાંના કેટલાકને એવો શોખ હોય પણ ખરો !)'.

– આપણે ક્યાં રહેવું છે, પુલ પર કે તરાપા પર ? પોતપોતાને પૂછી લઈએ.

❖

## પરિષદનો પ્રથમ આંતરરાષ્ટ્રિય અનુબંધ

પરિષદના ધ્યેયો, ઉદ્દેશો, નિયમો અને ઠરાવોને સુસંગત રહી, પોતાની લગની, દૃષ્ટિ, શક્તિ અને આયોજનકુશળતા વડે, સહિયારા સાયોજનો રૂપે, ગુજરાતી ભાષા, સાહિત્ય અને સંસ્કારની સર્વ શાખાઓ અને પ્રવૃત્તિઓને સંરક્ષવા અને વિકસાવવાના કામને શક્તિમંત અને સાચારુ રીતે આગળ ધપાવવામાં પરિષદના વિવિધ સ્થળના અનુબંધોનો ફાળો આ વર્ષ, ૨૦૧૮ દરમિયાન ધ્યાનાર્હ અને કાબિલેદાદ રહ્યો છે.

સૂરત અનુબંધની પ્રાણવંતી પહેલ પછી પંચમહાલના અંતરિયાળ વિસ્તારમાં કાલોલ અનુબંધે અને દક્ષિણ ગુજરાતના ગ્રામ વિસ્તારોમાં વ્યારા-અનુબંધે, તેમજ ભરૂચ અને વડોદરાના અનુબંધોએ, પ્રજા સાથેના પરિષદના સમ્બન્ધને દઢાવ્યો હતો. એને એક

સ્મરણીય ઉત્કર્ષબિંદુ પર લઈ જનારો કાર્યક્રમ પરિષદના મુંબઈ અનુબંધે કરી બતાવ્યો. આ સહુ કર્મઠ, નિસ્વાર્થ, અને આયોજન-કુશળ સાથીઓનો પ્રમુખસ્થાનેથી આભાર.

હવે ૨૦૧૮નું વર્ષ પૂરું થાય એ પહેલાં પરિષદનો પ્રથમ આંતરરાષ્ટ્રીય અનુબંધ આ ૧૧મી સપ્ટેમ્બરે લોસ એન્જેલીસ નગરમાં કાર્યાન્વિત થયો, એનું ઉષ્માપૂર્વક સ્વાગત.

એ મહાનગરના પેસેડીના શહેરમાં ડૉ. કલ્પના સાવલા અને શ્રી પોપટભાઈ સાવલાના સુંદર - વિશાળ નિવાસસ્થાને પહેલી બેઠકનો આરંભ ડૉ. વિક્રમ કામદારના સુગ્રથિત અને દૃષ્ટિસમ્પન્નની ભૂમિકાવક્તવ્યથી થયો. અમેરિકાના વેસ્ટ કૉસ્ટ વિસ્તારમાં સાહિત્ય, સંગીત, ચિત્ર, નૃત્ય વગેરેની તેમજ એના વ્યાપક સંદર્ભ રૂપે વિવિધ જ્ઞાનવિજ્ઞાનોની અને સંસ્કૃતિ મીમાંસાની મહત્ત્વની પ્રવૃત્તિઓ આ દશકાઓમાં જે થઈ હતી એનો સુરેખ આલેખ આપી ડૉ. વિક્રમભાઈએ સૂચવ્યું કે પરિષદના આ પહેલા અમેરિકન અનુબંધને એ ભૂમિકાએ રહીને સ્થાપવો જોઈએ અને આગળ આંતરરાષ્ટ્રીય સ્તરે વિકસાવવો જોઈએ.

ગુજરાતી રંગભૂમિના અને અદ્યતન ગુજરાતી સાહિત્યના રસિક-અભ્યાસી, એલ. એ. નિવાસી, શ્રી વિજય ભટ્ટે અને ગૂજરાત વિદ્યાપીઠના સ્નાતક, 'એકત્ર' ફાઉન્ડેશનના કલામર્મજ્ઞ સ્થાપક શ્રી અતુલ રાવલે આ અનુબંધનું કામ કઈ રીતે અમેરિકાના બીજા વિસ્તારોમાં અને યુરોપ-ઇન્ગલૅન્ડમાં વસતા વિશ્વવિચારવંત ગુજરાતીઓની સામેલગીરીથી કઈ રીતે આગળ વધારી શકાય, એની ચર્ચા કરી હતી અને, જો સમયના તફાવતને લક્ષ્યમાં લઈ એલ. એ.માં સવારે બેઠકો ગોઠવાય તો ભારતમાં વસતા સર્જકો-ભાવકોને પણ સાંકળી શકાય, એવી વીજાણુ-વ્યવસ્થા, વિડિયો કૉન્ફરન્સ વડે, રચી શકાય, એની વાત વિગતે કરી.

આ બેઠકમાં કલાકોના પ્રવાસો કરીને આવેલાં, અનુબંધના કામની વિવિધ દૃષ્ટિકોણથી ચર્ચા કરનારાં સહુ વિશ્વ નાગરિક સહૃવ્યોનો વિશેષ પરિચય 'પરબ'ની આ અનુબંધ અંગેની નોંધોમાં હવે પછી આવશે.

આ અનુબંધની હવે પછીની બેઠકો દર ત્રણ મહિને, ડૉ. અંજના કામદાર અને ડૉ. વિક્રમ કામદારના સુંદર, અદ્યતન નિવાસસ્થાને મળશે. વિજય ભટ્ટ અને અતુલ રાવલ વિડિયો કૉન્ફરન્સથી આ બેઠકોમાં સહુ જોડાઈ શકે એવી વ્યવસ્થા કરશે. બીજી બેઠક આ ડિસેમ્બર-જાન્યુઆરીના અરસામાં મળશે. અમર્ત્ય સેનના તાજેતરમાં પ્રકાશિત પુસ્તકમાં પ્રસ્તુત સંસ્કૃત-મીમાંસા અંગે એમાં તજ્જ્ઞો અને સહુ વિચારવંત સહૃદયો ભાગ લેશે.

ત્રીજી બેઠક એ બાદ ત્રણ મહિને. એમાં વિખ્યાત સંગીતકાર બીથોવનની એક સિમ્ફનીના આસ્વાદ સહિતની ચર્ચા થશે. ફ્રાન્સના લોકશાહી પદ્ધતિથી ચૂંટાયેલા પ્રમુખ નેપોલિયનને એ સિમ્ફની અર્પણ કર્યા બાદ જ્યારે નેપોલિયને પોતાને સમ્રાટ રૂપે જાહેર કર્યો, ત્યારે બીથોવને એ અર્પણ રદ કરી, કહે છે કે એ સિમ્ફનીના સ્વરાંકનની એક નકલ જાહેરમાં ફાડી બતાવી હતી.

❑